# આંગણે વાવીએ
# કલરવ

30,000થી
વધુ નકલો
વેચાઈ ચૂકી છે







## પક્ષીઓને આકર્ષિત કરતા વૃક્ષો

## વૃક્ષો ....

વૃક્ષો એટલે છાયા અને શીતળતા, સૌંદર્ય અને સમૃધ્ધિ, સંપત્તિ અને પરિતૃપ્તિ, રંગબરંગી પક્ષીઓ, મોહક પતંગિયા, અવનવા કીટકો અને પ્રાણીઓથી રચાતું અનુપમ વિશ્વ. વેદો અને ઉપનિષદોના કાળથી આપણી સંસ્કૃતિ અને આપણા જીવનના અવિભાજ્ય અંગ હોય એ વૃક્ષોના મહત્ત્વ વિશે ભાગ્યે જ કોઇ સ્પષ્ટતાની જરૂર હોઇ શકે.

કુદરતી ચક્રના સમતોલપણામાં દરેક જીવસમુહ એક મહત્ત્વની કડી છે અને વૃક્ષો આ કડીઓને જોડતો પાયો છે. વૃક્ષ પર આવતા સુંદર પક્ષીઓ અને પતંગિયા ફક્ત આપણા મન જ નથી બહેલાવતા પણ વૃક્ષોના ફેલાવામાં પણ મદદ કરે છે. પક્ષીઓ અને કરોળિયા નુકશાનકારક જીવજંતુને આરોગે છે.

આ પુસ્તિકાનો ઉદ્દેશ વૃક્ષારોપણ માટે વૃક્ષોની પસંદગી યોગ્ય રીતે થાય, હરિયાળું અને કલ્લોલમય પરિસર રચાય એવો છે.

**આવો સમજણથી સર્જીએ એક નંદનવન**
**આંગણે વાવીએ કલરવ.**

## વૃક્ષ પસંદગી માટેના સૂચનો

વૃક્ષો વાવતા પહેલા નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા :

- આબોહવા, ભૌગોલિક વિસ્તાર, પ્રાપ્ય જગ્યા અને પાણીની સુલભતા જેવા પરિબળોને ધ્યાનમાં રાખી વનસ્પતિની પસંદગી કરવી.
- દેશી વનસ્પતિ આબોહવાના ફેરફારો સહન કરી શકે તે માટે ઉત્તમ અનુકૂલનો ધરાવે છે. સ્થાનિક હોવાથી પક્ષીઓ માટે પણ તે આદર્શ છે.
- દેશી વૃક્ષો મોટાભાગે પાનખર હોય છે. તેથી તેમની સાથે આપમેળે ન ફેલાતા હોય અને સદાહરિત હોય તેવા બહારના વૃક્ષો પણ વાવી શકાય.
- વૃક્ષોમાં વિવિધતા ખૂબ જરૂરી છે. એકાદ બે પ્રજાતિના વૃક્ષો વાવવાથી એમાં રોગો થવાની સંભાવના વધી જાય છે. એકવિધતાથી (monoculture) એના પર નભતી જીવસૃષ્ટિ પણ મર્યાદિત થઈ જાય છે. આથી જ લીમડો Neem, ગરમાળો Laburnum, કદમ Kadam, કરંજ Pongam જેવા વૃક્ષોની એકવિધતાથી બહાર નીકળી અન્ય વિવિધ વૃક્ષો પણ વાવવા જોઇએ.

- દરેક પક્ષીને અમુક વનસ્પતિ વધુ પસંદ પડે છે. વૃક્ષોમાં વિવિધતાથી બહોળા પ્રમાણમાં અનેક પ્રજાતિના પક્ષીઓ, પતંગિયા અને કીટકો આકર્ષાશે. વૃક્ષો એ રીતે પસંદ કરવા કે દરેક ઋતુમાં પક્ષીઓને ખોરાક મળી રહે.
- એક સરખી ઊંચાઈના વૃક્ષો વાવવા કરતા વૃક્ષોની સાથે નાના છોડ, વેલા, ક્ષૂપ, ફૂલ-ફળ આપતા વૃક્ષો અને શક્ય હોય તો એક બે કાંટાળા વૃક્ષો પણ વાવવા. વૃક્ષોની સાથે સાથે અશ્વગંધા, કુંવારપાઠું, રજનીગંધા જેવા છોડ, કેતકી, અરડુસી, કામિની જેવા ક્ષુપ અને શતાવરી, મધુમાલતી, વડેલીયા, જુઈ, મોતી, વચ્છનાગ, ગળો જેવી વેલની પસંદગીથી નૈસર્ગિક વાતાવરણ ઊભું થશે.
- આ પુસ્તિકામાં દર્શાવેલ મોટાભાગના વૃક્ષો ઘરઆંગણે પણ વાવી શકાય એમ છે.

## આ વૃક્ષો ન વાવીએ

આસાનીથી કે ઝડપથી ઊગતા, સદાહરિત કે આપમેળે ફેલાતા હોય ફક્ત એવાજ મુદ્દાઓ ધ્યાનમાં રાખી કરાયેલ વૃક્ષોની પસંદગી લાંબા ગાળે નુકસાનકારક ઠરે છે.

- ઈન્દ્રધનુ Lantana અને સુબાવળ Wild Tamarind જેવા વૃક્ષો બીજથી અને બુચ Indian Cork Tree મૂળથી ખૂબ ફેલાય છે અને સ્થાનિક વનસ્પતિને ઉગવા દેતા નથી.
- નીલગિરી Eucalyptus અને સરુ Whistling Pine જેવા વૃક્ષો જમીનને આમ્લ અને બિનઉપજાવ બનાવે છે.
- કાશીદ Iron Wood Tree અને ગુલમહોર Flamboyant ની આવરદા ટૂંકી છે.
- સદાબહાર સપ્તપર્ણીને Indian Devil Tree આપણી સૂકી આબોહવા માફક ન આવવાથી પાનખર થઈ ગયું છે અને આવરદા ટૂંકી છે.

**વૃક્ષોના રોપા નજીકની વનવિભાગની નર્સરીમાંથી મેળવી શકાય.**



## શીમળો

**Red Silk Cotton** *Bombax ceiba*

જગતનું સર્જન કર્યા બાદ જે વૃક્ષ નીચે પિતામહ બ્રહ્માએ આરામ લીધો હતો તે શીમળાનું ભવ્ય દેખાવ ધારણ કરતું ભારતનું એક સર્વોત્તમ છાયા વૃક્ષ છે. તેના ચમકતા લાલ રંગના સુંદર ફૂલ અને છાયાદાર ઘટાને કારણે જંગલ અને શહેરોમાં રસ્તા કાંઠે રોપવા માટે યોગ્ય છે. બધાજ પ્રકારની જમીનમાં કલમ કે બીજ દ્વારા ઉગાડી શકતા આ વૃક્ષનો ઉછેર ખુબ સહેલો છે. ૨૦ થી ૨૫ જાતિના પક્ષીઓ તેના ફૂલના મધુરસનું પાન કરવા આવે છે. તેના ફૂલો વાંદરા, વાગોળ અને હરણનો પણ પ્રિય ખોરાક છે. વૃક્ષનું લાકડું પોચું હોવાથી બખોલમાં માળો કરતા પક્ષીઓ માટે આદર્શ છે.



## ખાખરો (કેસૂડો)


**Flame of Forest** *Butea monosperma*

શિયાળાના અંતે આવતા કેસરી, સળગતી જ્યોત જેવા રંગના ફૂલોને કારણે તેને અંગ્રેજીમાં 'ધ ફ્લેમ ઓફ ફોરેસ્ટ' (વનજયોત) કહે છે. મધ્યમ કદનું પાનખર વૃક્ષ ભાગ્યેજ ૬ મી. થી વધુ ઊંચાઈ પ્રાપ્ત કરે છે. રેતાળ કે સૂકા વિસ્તારોમાં પણ સારી રીતે ઊગે છે. બિનફળદ્રુપ જમીનને સુધારવા આ વૃક્ષનો ઉપયોગ કરી શકાય. પ્રાણીઓ ખાખરાના પાન ખાતા ન હોવાથી તેને પડતર જમીનમાં પણ વાવી શકાય. ઉનાળાની શરુઆતમાં આ વૃક્ષ મોટા પ્રમાણમાં પક્ષીઓને આકર્ષતું હોવાથી પક્ષીનિરીક્ષકો માટે સ્વર્ગસમું છે.









# આસોપાલવ

**Mast Tree** *Polyalthia longifolia*

દક્ષિણ ભારત અને શ્રીલંકાનું મૂળવતની આ વૃક્ષ પવિત્ર ગણાય છે. મંદિર નજીક વાવવામાં આવે છે. તહેવારોમાં ખાસ કરીને દિવાળીમાં તેના પાંદડાના તોરણ બારણે બાંધવામાં આવે છે. ૧૨ થી ૧૫ મી. ઊંચુ થતું મધ્યમ પહોળું આ સદાપર્ણી વૃક્ષ ઉદ્યાનોમાં સુશોભન માટે બહોળા પ્રમાણમાં ઉછેરાય છે. ઓછા પાણીએ પણ સારી રીતે ઊગે છે. શિયાળાને અંતે ઝૂમખામાં આવતા ફૂલો લીલાશ પડતા હોય છે. ફળો જાંબુ જેવા હોય છે. ફળાહારી પક્ષીઓ અને વાંદરા, ખીસકોલી જેવા પ્રાણીઓને આકર્ષે છે. વાગોળનું મનગમતું ફળ હોવાથી ફળ પાકે ત્યારે સંખ્યાબંધ વાગોળ એના પર અવરજવર કરે. કોયલ અને બુલબુલનું પણ માનીતું. ઘટાદાર વૃક્ષ હોવાથી પક્ષીઓને માળા બનાવવા માટે પણ આદર્શ. આ વૃક્ષની એક ઉપજાતિ *Polyalthia longifolia var. Pendula* સીધું જ વધે છે. તે નાના બગીચા માટે આદર્શ છે. આસોપાલવની ઓળખ અશોક વૃક્ષ તરીકે કરવી ભૂલભરેલી છે.

# કાંચનાર

**Butterfly Orchid Tree** *Bauhinia purpurea*

કવિ કાલિદાસના નાટકમાં જેનો ઉલ્લેખ કરાયો છે તે સદાહરિત મધ્યમ કદનું આ વૃક્ષ જંગલી સ્વરૂપે હિમાલયના તરાઈ વિસ્તારમાં સિંધુથી માંડી આસામ સુધી જોવા મળે છે. ભારતભરમાં બગીચાઓમાં તથા રસ્તા કાંઠે શોભાના વૃક્ષ તરીકે રોપવામાં આવે છે. ટેકરાળ વિસ્તારમાં પણ સારી રીતે ઉગી શકે છે. શિયાળમાં ફૂલો આપતા ગણ્યા ગાંઠ્યા વૃક્ષોમાનું એક છે. ફૂલો ઘણા સુગંધીદાર હોય છે અને અથાણાં કે ભાજી તરીકે વપરાય છે. ફૂલોનો રસ ચૂસતા પતંગિયા અને પક્ષીઓ આ વૃક્ષથી આકર્ષાય છે.











## સવન

**White Teak** *Gmelina arborea*

સવન પાનખર જંગલોમાં જોવા મળતું મધ્યમ કદનું વૃક્ષ છે. તેનું થડ સફેદ કે આછા પીળા રંગનું હોય છે. તેના પાન પહોળા અને પુષ્પો પીળા રંગના ઝુમખામાં જોવા મળે છે. ઉનાળાની શરૂઆતમાં પક્ષીઓ ફૂલોનો રસ ચૂસવાં તથા ફળો આરોગવા આકર્ષાય છે.

## સિંગાપુરી ચેરી

**Jamaican Cherry** *Muntingia calabura*

મધ્ય અમેરિકાનું મૂળવતની આ વૃક્ષ ફળાહારી પક્ષીઓ માટે આદર્શ કહી શકાય. નાનાથી મધ્યમ કદનું અને સદાહરિત હોવાથી ઘરઆંગણે, બાગમાં કે રસ્તા કાંઠે વાવી શકાય. નબળી જમીનમાં પણ આસાનીથી ઊગી શકતું આ વૃક્ષ ૨ વર્ષમાં તો પુખ્ત વૃક્ષ જેટલું ઊંચું થઈ જાય છે. લાલ રંગના, મધુર ચણીબોર જેવડાં ફળ બારેમાસ આવતા હોવાથી પક્ષીઓની ઘણી અવરજવર જોવા મળે.

# રાયણ

**Ceylon Ironwood Tree** *Manilkara hexandra*

સદાહરીત આ વૃક્ષ વિશાળ ઘટાદાર હોય છે. વધવામાં થોડુ ધીમું છે. નૈસર્ગિક પરિસ્થિતિમાં તેની સંખ્યા ઘટી રહી હોવાથી IUCN દ્વારા તેને Red List માં મૂકવામાં આવ્યું છે. રાયણ પાનખર કે કાંટાળા જંગલો, ડુંગરાળ કે દરિયા કાંઠાના પ્રદેશો અને નદીકિનારે ઊગે છે. તેના ફૂલ નાના, સફેદ સુવાસયુક્ત હોય છે. ફળ નાના, પીળા, મીઠાં, દૂધથી ભરેલા મેવા જેવા, ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. વિશાળ ઘટા અને ખાંચા-ખૂંચીવાળું થડ ઉનાળામાં પક્ષી-પ્રાણીઓને ખોરાકની સાથે રહેઠાણ પણ પૂરુ પાડે છે. તેના પાન ઢોરોના ચારા માટે વપરાય છે. ચીકુની કલમ રાયણ ઉપર જ કરાય છે. દીર્ઘાયુ હોવાથી તળાવ-ડેમની પાળે, મંદિર નજીક કે બગીચામાં વાવી શકાય.





# બોરસલી (બકુલ)

**Bulletwood Tree** *Mimusops elengi*

રસિકજનો જેના વગર બાગને અપૂર્ણ ગણે તે બકુલનું વૃક્ષ બાગબગીચાઓમાં તેના સુગંધિત ફુલો અને ખાસ કરીને સુંદર ત્રિકોણાકાર ગીચ ઘટા માટે વાવવામાં આવે છે. સારી જમીન અને પાણી મળે તો ઝડપથી ઉગે અન્યથા થોડું ધીમું વધે છે. સદાહરિત હોવાથી રસ્તાના કિનારે કે આંગણામાં વાવવા માટે યોગ્ય છે. તેનું દાતણ દાંતના રોગમાં અક્સીર ગણાય છે. તેના લાલ-કેસરી, તૂરા-મીઠાં ફળ વર્ષમાં બે વખત અને ક્યારેક બારેમાસ આવે. ઉનાળામાં પણ પક્ષીઓનો કોલાહલ એના પર અવિરતપણે સાંભળવા મળે. બાળકોની સાથે-સાથે કોયલ, બુલબુલ, પોપટ, ગીરનારી કાગડા, કંસારા, વાગોળ, ખિસકોલી વગેરે તેના મધુર ફળો માટે આકર્ષાય છે.

# દેશી બાવળ

**Babool / Gum Arabic** *Acacia nilotica*

મધ્યમ કદનું આ ઘટાદાર વૃક્ષ ઓછાં પાણીએ સૂકી કે પથરાળ જગ્યામાં પણ સારી રીતે ઉગી શકે છે. જૂન-જુલાઈ માસમાં પીળા ફૂલો આવે છે. માર્ચથી મે સુધીમાં પરડીયા તૈયાર થાય છે. જેનો હરણ, કાળિયાર કે પાલતુ પશુઓ ખોરાક તરીકે ઉપયોગ કરે છે. નદીકાંઠે, સમુદ્ર કે ખાડી નજીક પણ ઉગવાની ક્ષમતા ધરાવે છે. તેથી ત્યાનાં પક્ષીઓ માટે આદર્શ આશ્રયસ્થાન છે. સુઘરી, ખિસકોલી, કાજીયા, બગલા, કાંકણસાર, સર્પગ્રિવ, ઢોંક, ચમચા વગેરે માળા બનાવવા માટે આ વૃક્ષનો મહત્તમ ઉપયોગ કરે છે. લટોરો પોતાનો ખોરાક સંગ્રહ કરવા માટે બાવળના કાંટાનો ઉપયોગ કરે છે.









## મહુડો

**Mowra Butter Tree** *Madhuca indica*

મધ્ય અને પૂર્વ ભારતના ગ્રામજનોના લોકગીતોમાં અનેકવાર ઉલ્લેખ કરી બિરદાવવામાં આવેલું આ મોટું અને ઘટાદાર વૃક્ષ છે. આ ભવ્ય, સુંદર અને ઉપયોગી વૃક્ષની તુલનાનું વૃક્ષ ભારતમાં ભાગ્યેજ હશે. હરણ, વાંદરા, રીંછ અને વિવિધ પક્ષીઓ માટે તેના પૌષ્ટિક ફૂલો મુખ્ય આહાર છે. વણિયર, ઉડતી ખિસકોલી, ચિલોત્રો અને આદિવાસીઓનું પણ આ માનીતું વૃક્ષ છે.



## પુત્રંજીવા

**Lucky Bean Tree** *Putranjiva roxburghii*

વિથીવૃક્ષ તરીકે પ્રખ્યાત, પહોળા આસોપાલવને મળતું આવતું આ સદાહરિત ઘેઘુર વૃક્ષ છે. અનુકૂળ પરિસ્થિતિમાં ૨૫ મી. જેટલું ઊંચું થાય છે. નાના, ગોળ, ભૂખરા રંગના ફળ વાગોળ, વાંદરા અને પક્ષીઓને આકર્ષે છે.

# પીલુ

**Tooth Brush Tree** *Salvadora persica*

આયુર્વેદમાં મિસ્વાકના નામે જાણીતું આ વૃક્ષ દરિયાકિનારે તેમજ રણકાંઠે થઈ શકે છે. તે દુષ્કાળ સહન કરી શકતું હોવાથી તેનો ઉપયોગ રણકાંઠાના વિસ્તારોમાં રણને આગળ વધતું અટકાવવા માટે કરી શકાય. પીલુ એક મધ્યમ કદનું ૫ થી ૭ મી. ઊંચાઈ ધરાવતું સદાહરિત વૃક્ષ છે. તેનો બે પ્રકાર છે, મીઠી ઝાર તથા ખારી ઝાર. ફળ મે-જૂન માસ દરમિયાન પાકીને તૈયાર થાય છે. પીલુના તીખા-મીઠાં રસદાર ફળો પક્ષીઓ માટે ઉત્તમ ખોરાક છે. થડ તથા ડાળોમાં પડતી બખોલમાં પક્ષીઓ અને નાના પ્રાણીઓ રહેઠાણ બનાવે છે. તેની શાખાઓ દાતણ તરીકે ખૂબ ઉપયોગી છે. તેમજ ખેતરના શેઢે જીવંત વાડ તરીકે પીલુનો ઉપયોગ કરી શકાય છે. ભારતના ફક્ત કચ્છના રણમાં આવતાં મસ્કતી લટોરો - Grey Hypocolius નો માનીતો ખોરાક છે.









## સેતુર

**Mulberry** *Morus alba*


આ નાનાથી મધ્યમ કદનું પાનખર વૃક્ષ છે. કટિંગથી પણ આસાનીથી ઉગાડી શકાય છે. ફળ ખાતા પક્ષીઓ તથા વડવાગોળને આકર્ષે છે. સ્વાદમાં ખાટાં-મીઠાં લાગતા તેના ફળો પાકતા ઘેરો લાલ કે કાળો રંગ ધારણ કરે છે. આ વૃક્ષનું વાવેતર રેશમનાં કીડાનો ઉછેર કરવા માટે થાય છે.

## ગુગળ

**Guggal** *Commiphora wightii*








ઔષધશાસ્ત્રમાં ખૂબ જ જૂનું અને જાણીતું ગુગળ. તેના વિવિધ ઉપયોગોને કારણે મોટા પાયે વિનાશ થયેલો હોવાથી તેનો સમાવેશ લુપ્ત થતી વનસ્પતિ જાતોમાં કરવામાં આવેલ છે. ૪ થી ૧૨ ફૂટ ઊંચાઈ ધરાવતું ગુગળ ઓછા વરસાદવાળાં રણ પ્રકારની શુષ્ક આબોહવા ધરાવતા વિસ્તારમાં થાય છે. તેનો વ્યાપ વધારવા ચોમાસા દરમિયાન બીજ દ્વારા અથવા દાતણ જેવડી ડાળીઓ કરી રોપી શકાય છે. ફળો નાના, રંગે લાલ અને માવો ધરાવતા હોય પક્ષીઓનો પ્રિય ખોરાક છે.

## જાંબુ
**Indian Blackberry** *Syzygium cumini*

આ એક વિશાળ સદાહરિત વૃક્ષ છે. ૧૦ થી ૧૫ મી. ઊંચાઈ ધરાવતું આ વૃક્ષ નદી કિનારેના જંગલોમાં વધુ જોવા મળે છે. મોટાભાગે તેનો ઉછેર બગીચાઓમાં છાયા અને ફળ માટે થાય છે. તેને કૂવાકાંઠે, ડેમ, ચેકડેમ કે નદીકાંઠે સારી રીતે ઉછેરી શકાય છે. પુરાણોમાં મેઘદેવે જાંબુડાનું રૂપ ધારણ કર્યું હોવાનું મનાય છે. ફળનો રંગ શ્યામ હોવાથી આ વૃક્ષ કૃષ્ણનું પ્રિય મનાય છે, આથી એની પૂજા થાય છે. જાંબુની છાયામાં વનભોજન કરવાનું અનેરું મહત્ત્વ છે. જાંબુના પાન નૈવેદ્ય ધરાવવા માટેનું પાત્ર 'પંચપલ્લવ' તરીકે અને આહુતિ આપવાના સાધન તરીકે વપરાય છે. કોયલ, બુલબુલ, પોપટ, કાગડા, કંસારા, પીળક, ખિસકોલી વગેરે તેના પર અવરજવર કરે. થડમાં પડતી બખોલમાં ઘૈયળ જેવા નાના પક્ષીઓ રહેઠાણ બનાવે છે.





## ઉંબરો
**Cluster Fig** *Ficus glomerata*



વડ કુળનું આ વૃક્ષ પ્રાણી-પક્ષીઓ અને કીટકો માટે કલ્પવૃક્ષ સમાન છે. કાંટાળા અને પાનખર જંગલોમાં નદીકાંઠે થાય છે. સારી જમીન અને પાણી મળી રહે તો ઝડપથી ઊગે છે. તેના લીંબુ જેવડા ટેટાં પાકે ત્યારે લાલાશ રંગ પકડે છે અને અનેરી મહેક પ્રસરે છે. વર્ષમાં અનેક વખત ટેટાં આવે છે, પણ ઉનાળાની શરુઆત અને ચોમાસા દરમ્યાન વધારે. ટેટાં થડ અને ડાળીઓ પર ઊગે છે. વર્ષના કોઈપણ સમયે ૨૦ થી ૨૫ જાતિના પક્ષીઓ અચૂક જોવા મળે.





## વડ
**Banyan Tree** *Ficus bengalensis*

હતો ભવ્ય દેખાવ એ પૂજનીય વૃક્ષનો<br>
રોક્યું છે મેદાન, જેની ડાળીએ અસંખ્ય ટેકાથી<br>
અધ્ધર રહી છે છટા જેની જમીન પહોંચી મૂળ નાખવાને<br>
તલસતી જેની અસંખ્ય શાખાઓ સીધી વધે લક્ષ્ય સ્થાને...<br>
સમગ્ર દેખાવ મંદિર જેવો (કે) ભક્ત હૃદયમાંથી સ્ફૂરે પ્રાર્થના

જેના દેખાવ માત્રથી પવિત્રતાના ભાવ સ્ફૂરે અને નર્મદ જેવા કવિ પણ એના ગુણગાનમાં કવિતા રચે એ વડ, ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ છે. પુરાણો અને અન્ય ગ્રંથોમાં પણ જેનો ઉલ્લેખ થયેલો છે તે વડનું વૃક્ષ સદાહરિત, વિશાળ અને અત્યંત ઉપયોગી છે. વડ અને પીપળાની ગણના દીર્ઘાયુ વૃક્ષોમાં થાય છે અને આયુષ્ય અંદાજે ૫૦૦૦ વર્ષ જેટલું મનાય છે. પશુ પક્ષીઓનું સારું આશ્રયસ્થાન છે. તેના ટેટાં વાગોળ, વાંદરા, ખિસકોલી અને વિવિધ ફળાહારી પક્ષીઓનો પ્રિય ખોરાક છે.







## પીપળો

**Sacred Fig** *Ficus religiosa*

પીપળો ભૂતનું સ્થાન અને પીપળો ઘરમાં ન ઉગાડાય જેવી માન્યતાથી લઈને પીપળાને શુકનવંતો ગણી મંદિરમાં સ્થાન આપવા સુધીની શ્રધ્ધા પીપળાને આપણી સંસ્કૃતિમાં વિશિષ્ટ સ્થાન આપે છે. વડ, પીપળો અને પીપર ઘણીવાર અન્ય વૃક્ષો કે મકાન ઉપર પોતાનો જીવનક્રમ શરૂ કરે છે અને ત્યાંથી તેમના મૂળ જમીન સુધી પહોંચાડે છે. એપ્રિલ અને સપ્ટેમ્બર માં એમ બે વખત તેના ટેટાં પાકે ત્યારે સંખ્યાબંધ પક્ષીઓ આવી ચડે છે.

## નાની પીપર

**Laurel Fig** *Ficus microcarpa*

વડ કુળનું મધ્યમ કદનું આ સદાહરિત વૃક્ષ બગીચા માટે યોગ્ય છે. તે કૂંડાંમાં પણ સારી રીતે ઊગતું હોવાથી ઈન્ડોર પ્લાંટ તરીકે પણ નામના મેળવી રહ્યુ છે. પીપરની જેમ તે હવાઈ મૂળ ધરાવે છે. તેના ટેટાં પાકે ત્યારે સફેદ રંગના હોય છે, જે બારેમાસ આવે છે.

# પીપર

**Peepar** *Ficus tsiela*







ઝડપથી વિકાસ પામતા, સામાજીક વનીકરણ યોગ્ય આ વૃક્ષની ગુંબજ જેવી ઘટા ઘણી વિશાળ હોય છે. ચોમાસાની શરુઆતમાં મોટા કદની ડાળી વાવવાથી ૩-૫ વર્ષમાં મોટું ઝાડ જેવડું થઈ જાય છે. લગભગ ૧૨-૧૬ મીટર જેટલી ઊંચાઈ પ્રાપ્ત કરી શકે છે. પીપર હવાઈ મૂળ ધરાવે છે અને જમીન સુધી પહોંચતા નથી. ઉનાળાની શરુઆત અને ચોમાસા દરમ્યાન, આમ વર્ષમાં બે વખત ટેટાં આવે છે. પહેલાં પીળા અને પછી જાંબુડી રંગના થઈ જાય. માર્ચમાં પાંદડા ખરી પડી સંપૂર્ણ વૃક્ષ ટેટાંથી આચ્છાદિત થઈ જાય ત્યારે કોયલ, કંસારા, બુલબુલ, પોપટ, તૂઈ, પીળક, હરિયલ, કાબર, બ્રાહ્મણી મૈના, વૈયા જેવા કેટલાય પક્ષી ટેટાંની જયાફત ઉડાવવા આવી ચડે છે.

વડ (Ficus) કુળના વૃક્ષોની વિશિષ્ટતા એ કે એના ટેટાં જ એના ફૂલ અને ફળ. અલગ-અલગ વૃક્ષોમાં ટેટાં પાકવાનો સમય પણ અલગ-અલગ. કુદરતની કેવી સુંદર વ્યવસ્થા કે પક્ષી-પ્રાણીઓને ખોરાકની ખેંચ ન પડે !





## પ્રાગવડ

**Cuban Laurel** *Ficus retusa*

વડના કુળનું મધ્યમ કદનું આ વૃક્ષ અતિ દેખાવડું છે. તેના નવા પાન મરૂન-લાલ રંગના હોઇ સુંદર દેખાવ આપે છે. પ્રાગવડની વડવાઇ ટૂંકી હોય છે, જમીન સુધી પહોંચતી નથી. ટેટાં પાકતા જાંબુડી રંગના થાય. ઘર આંગણે કે બગીચામાં વાવી શકાય.

## ખીજડો

**Khijado** *Prosopis cineraria*

રણનો રાજા કહેવાતું મધ્યમ કદનું આ વૃક્ષ અતિ દેખાવડું છે. રેતાળ જમીનને ફળદ્રુપ બનાવવા અને ક્ષારયુક્ત જમીન કે રણને આગળ વધતું અટકાવવા માટે વાવી શકાય. પુનઃવનીકરણ માટે યોગ્ય વૃક્ષ છે. કાંટાળું વૃક્ષ હોવાથી પક્ષીઓ તેનો ઉપયોગ રાતવાસો કરવા અને માળા બનાવવા માટે કરે છે.

# વાયવરણો

**Sacred Barna** *Crataeva nurvala*

શાસ્ત્રોમાં જે પવિત્રત્તમ વૃક્ષ તરીકે વર્ણવાયેલ છે એવાં વૃક્ષોમાંનું એક વાયવરણો સફેદ કે પીળાશ પડતી પાંખડીઓવાળાં સુંદર ગુચ્છાદાર પુષ્પો ધરાવે છે. તે સામાન્ય કદનું પાનખર વૃક્ષ છે. માર્ચ-એપ્રિલ મહિનામાં જ્યારે આખું વૃક્ષ પાન ખેરવી પુષ્પોની સફેદ ચાદર ઓઢી લે છે ત્યારે ખરેખર જોવાલાયક હોય છે. સંસ્કૃતમાં વરૂણ તરીકે ઓળખાતું આ વૃક્ષ ઔષધીય દૃષ્ટિએ પણ ખૂબ મહત્ત્વ ધરાવે છે. આયુર્વેદમાં તેનો ઉપયોગ પથરી તોડવા માટે વિશેષ થાય છે. એના ક્વાથનો ઉપયોગ સાંધાના સોજા ઉતારવા માટે તથા હાડકાંના રોગોની સારવાર માટે થાય છે. ચોમાસા દરમિયાન ફળો પાકીને લાલ થઈને ખરી પડે છે. પક્ષીઓ તથા પ્રાણીઓ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.







## રગત રોહિડો

**Desert Teak** *Tecomella undulata*

નાનાથી મધ્યમ કદનું, લગભગ ગુંદી જેવડું આ વૃક્ષ ખાસ કરીને સૂકા પ્રદેશોમાં થાય છે. રણ, રણકાંઠાના પ્રદેશો કે ડુંગરાળ વિસ્તારમાં થાય છે. લાકડું મજબૂત હોવાથી તેને રણનું સાગ પણ કહેવાય છે. આથી તેનું મોટા પ્રમાણમાં નિકંદન નીકળી રહ્યું છે અને IUCN દ્વારા તેને Red List માં મૂકવામાં આવેલ છે. તેના પાન દાડમ જેવા આકારના છે. શિયાળાના અંતે આવતા ફૂલો પહેલાં પીળાં વસંતી હોય છે પછી રતાશ ઝાંય પકડે છે. શક્કરખોરો, શ્વેતનયના, ફૂલસૂંઘણી, બુલબુલ વગેરે પક્ષીઓ મધુદ્રવ્ય માટે આકર્ષાય છે. રણને આગળ વધતું અટકાવવા પિલુડી, બોરડી, દેશી બાવળ અને ખીજડાની સાથે રગતરોહિડાનો ઉપયોગ કરી શકાય.

# પનેરવો (પંગારો)

**Coral Tree** *Erythrina indica*

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની અનુભુતિ કરાવતું ત્રિપર્ણિક પાન ધરાવતાં આ વૃક્ષને ઈન્દ્રના બાગનું પુષ્પવૃક્ષ ગણવામા આવે છે. સૂકી જમીનમાં પણ ઝડપથી ઉગતું ભરચક ડાળીઓ વાળું આ નાનકડું વૃક્ષ તેના ફૂલોની શોભા માટે વપરાય છે. ડાળીના કટકા કે બી દ્વારા તેને ઉગાડી શકાય છે.થડ અને શાખા પરના કંટકોને લીધે ખેતર ના શેઢે કે અન્ય જગ્યાએ કુદરતી વાડનું કામ આપે છે. ખાસ કરીને  જ્યાં જોરદાર પવન ફૂંકાતો હોય એવા સ્થળોએ પવન સામે રક્ષણ આપતા પટ્ટા તરીકે વાવવામાં આવે છે. તેના મૂળ નાયટ્રોજનનું સ્થાપન કરતા સુક્ષ્મ જીવાણુઓનું આશ્રય સ્થાન હોવાથી તે જમીનને ફળદ્રુપ બનાવે છે.











## ગુંદી

**Saucer Berry** *Cordia gharaf*

નાનાથી મધ્યમ કદનું આ સદાહરિત વૃક્ષ છે. સામાન્ય રીતે સૂકા વિસ્તારો અથવા ખેતરના શેઢે જોવા મળે. દરિયા કાંઠે પણ સારી રીતે ઉગી શકે છે. રણને આગળ વધતું અટકાવવામાં ગુંદીનો ઉપયોગ કરી શકાય છે. તે ૫ થી ૭ મી. ઊંચાઈ ધરાવે છે. બીજ અથવા પ્રકાંડ દ્વારા તેનો ઉછેર આસાનીથી કરી શકાય છે. એના પાકા ફળો નાના, કેસરી રંગના અને ચિકાસયુક્ત હોય છે જે ખૂબ જ પૌષ્ટિક, ગુણકારી અને સ્વાદિષ્ટ હોવાથી બાળકોને તથા પક્ષીઓને ખૂબ પ્રિય છે.

## ફાલસા

**Phalsa** *Grewia asiatica*

સૂકા પાનખર કે નદીકાંઠાના જંગલોમાં જોવા મળતું આ નાનું વૃક્ષ તેના ખાટા-મીઠાં લાલાશ પડતા જાંબલી ફળોના કારણે નાના-મોટાં સૌને પ્રિય છે. ઉનાળામાં ફળ આવે ત્યારે સંખ્યાબંધ પક્ષીઓ આવી ચડે. બુલબુલનું માનીતું વૃક્ષ. તેના ફળનું શરબત આયુર્વેદની દૃષ્ટિએ ઉનાળામાં ખૂબજ લાભકારક છે.

## ખજૂરી

**Wild Date Palm** *Phoenix sylvestris*

આ એક ખૂબ ઊંચું, ખેતરના શેઢે કે બગીચામાં વાવી શકાય તેવું વૃક્ષ છે. મોર, ગીધ, કાંકણસાર જેવા પક્ષીઓ માટે રાતવાસો કરવા માટે પણ આદર્શ સ્થાન પૂરું પાડે છે. સુઘરી તથા અન્ય પક્ષીઓ ખજૂરીના પાનનાં રેષાનો ઉપયોગ માળા બનાવવા માટે કરે છે તથા તેના ઉપર માળા પણ બનાવે છે.







## ચંદન

**Indian sandalwood** *Santalum album*

નીચેની તરફ ઢળતી ડાળીઓવાળું આ નાનાથી મધ્યમ કદનું સદાહરિત વૃક્ષ છે. ફૂલ નાનાં, જાંબલી અને ગુચ્છામાં આવે છે. લગભગ ફાલસા જેવા નાના ઘાટા જાંબલી રંગના ફળ રસદાર હોય છે. ફૂલ અને ફળ અનુક્રમે મધુદ્રવ્યાહારી અને ફળાહારી પક્ષીઓને આકર્ષે છે. ઘર આંગણે વાવવા માટે આદર્શ વૃક્ષ છે.



## ટીમરું

**Black Indian Ebony** *Diospyros melanoxylon*

જેના પાન બીડી બનાવવા માટે જગવિખ્યાત છે તે ટીમરું સૂકા પાનખર કે કાંટાળા જંગલોમાં જોવા મળે. લગભગ ચીકુ જેવડા ફળ એપ્રિલ-મે માં પાકે જેનો શિયાળ, વાંદરા, રીંછ અને ફળાહારી પક્ષીઓ ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

# મોટી બોરડી

**Indian Jujube** *Ziziphus mauritiana*

બોરડીને કોણ ન ઓળખે ? કાંટા લાગે તો પણ બોર તોડવાની લાલચ ન રોકાય. બાળકોથી માંડીને મોટેરા અને પશુ-પક્ષીઓ સૌનું આ પ્રિય ફળ. નાનાથી મધ્યમ કદનું આ વૃક્ષ ૪ થી ૧૨ મી. ઊંચાઈ ધરાવે છે. સૌરાષ્ટ્ર-કચ્છના સુકા વિસ્તારોમાં નાનું થાય છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં સારી ઊંચાઈ જોવા મળે છે. પાણીની જરૂરિયાત ખૂબ ઓછી હોવાથી વનીકરણ માટે આદર્શ ગણી શકાય. શિયાળા અને ઉનાળાની શરૂઆતમાં એમ વર્ષમાં બે વખત ફૂલ આવે છે. બોરડીની ઘણી જાત થાય છે. પક્ષીઓ, વાંદરા, હરણ, રીંછ, જંગલી સુવર, સુવર, શિયાળ, લોંકડી, વાગોળ વગેરે બોરનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. પતંગિયા ની ઘણી પ્રજાતિ બોરડી પર ઈંડા મૂકે છે. લાખકીટનો ઉછેર બોરડી પર કરાય છે. શહેરી વિસ્તારોમાં મોટી બોરડી પર કાબર, વૈયાં અને ચકલીઓ મોટી સંખ્યામાં રાતવાસો કરવા આવે છે. અમૃતસરના સુવર્ણમંદીરમાં બોરડીનું એક વૃક્ષ ૪૫૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે.









## સરગવો


**Drumstick Tree** *Moringa oleifera*

હિમાલયની તળેટીના મૂળવતની આ વૃક્ષના સર્વાંગી ઔષધોપયોગી ગુણને લીધે એને કલ્પવૃક્ષ જ કહી શકાય. ઝડપથી ઊગતા વૃક્ષને એકાદ વર્ષમાં તો શીંગ પણ આવવા માંડે. કૂણા પાન, ફૂલ અને શીંગોનો શાકભાજી આદિમાં ઉપયોગ થાય છે. પાન, છાલ, મૂળ વાના રોગ માટે લાભકારક છે. કટિંગ કે બીજ દ્વારા આસાનીથી કોઈપણ પ્રકારની જમીનમાં ઊગે. ધોળા-પીળા-રાતા એમ ભેળસેળ રંગના ફૂલ બારેમાસ આવે અને રાત્રે મીઠી સુગંધનો સ્ત્રાવ કરે. શક્કરખોરો, ફૂલસુંઘણી, શ્વેતનયના, દરજીડો, મધમાખી અને ભમરાનું પ્રિય વૃક્ષ. મૂળ ખૂબ ઊંડે ન જતા હોવાથી આંગણામાં પણ વાવી શકાય.

## રૂખડો (ગોરખ આમલી)

**Baobab** *Adansonia digitata*

આફ્રિકા અને માડાગાસ્કરનું મૂળવતની આ વૃક્ષ ૫૦૦ વર્ષ પહેલાં આરબ વેપારીઓ દ્વારા ભારતમાં લવાયું. થડ ખૂબજ જાડું હોય. ડાળીઓની ગોઠવણી કોઈ મોટા વૃક્ષને મૂળ સહિત ઊંધું મૂકી દીધું હોય એવી. ૨૦૦૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. ફૂલ સફેદ મોટા ઊંધા લટકતા હોય ફક્ત વાગોળ દ્વારા જ તેમનું પરાગનયન થાય છે. કદાચ એટલે જ મોટા શહેરોમાં આ વૃક્ષ પર ફળ નથી થતાં. ફળ ભૂખરા-બદામી નાની તુંબડી જેવા હોય છે જે વાંદરા, હરણ, જંગલી સુવર વગેરે ખાય છે. ફળના માવામાંથી શરબત બનાવાય છે. છાલમાં કાપ મૂકતા ગુંદર ઝરે છે જે પાલતું જાનવરોના ઘા રૂઝવવા ઉપયોગી છે. આફ્રિકામાં મલેરિયાના ઉપચારમાં કિવનાઈનની અવેજીમાં વપરાય છે. તેનું થડ લિસ્સું હોવાથી શિકારી પ્રાણીઓ આસાનીથી ચડી શકતા નથી તેથી બખોલમાં માળો કરનારા પક્ષીઓ માટે આદર્શ છે.





## કરમદા

Christ's Thorn *Carissa carandas*

નાના કદનું આ સદાહરિત, ઘટાદાર વૃક્ષ છે. માર્ચમાં સુગંધી, સફેદ ફૂલ ઝૂમખાંમાં આવે છે. લાલ કે કાળા રંગના ફળ પક્ષીઓ, વાંદરા, હરણ વગેરેનો પ્રિય ખોરાક છે.

## સાલેડી

**Salai** *Boswellia serrata*

ભારતના સૂકા પાનખર જંગલોમાં જોવા મળતું મધ્યમ કદનું આ પાનખર વૃક્ષ છે. તેના થડમાંથી ગુગળ જેવો ગુંદ નીકળતો હોવાથી સલાઇ-ગુગળ તરીકે પણ ઓળખાય છે. થડની છાલ સતત ઉખડયા કરે. ફૂલ નાના, સુગંધી, સફેદ રંગના ઝૂમખાંમાં આવે. મે-જૂન સુધીમાં તૈયાર થતા ફળ નાના પેપડી જેવા દેખાય. આ વૃક્ષ ઓછા પાણીએ પત્થરોમાં ઉગવાની અને વાવાઝોડા સામે ટકવાની અદ્‌ભૂત ક્ષમતા ધરાવે છે. પક્ષીઓ ફૂલમાંથી રસ ચૂસવા અને ફળ આરોગવા આકર્ષાય છે.





# મીઠો લીમડો

**Curry Tree** *Murraya koenigii*

ભારતના ઘણાબધા વ્યંજનોમાં જેના પાન સ્થાન પામેલ છે તેવું આ વૃક્ષ કીટકો અને પક્ષીઓ માટે પણ લાભકારક છે. ભારતના ભેજવાળા પાનખર જંગલોનું મૂળવતની આ વૃક્ષ મોટા ક્ષુપ કે નાના વૃક્ષ જેવું લાગે. ઉનાળામાં ઝૂમખાંમાં આવતાં નાના સફેદ ફૂલોમાંથી ચણીબોર જેવડાં ફળ તૈયાર થાય. મધમાખી, શક્કરખોરો વગેરે ફૂલોના રસ ચૂસવા આવી ચડે. બુલબુલ, કોયલ, કાબરને તેના ફળ પ્રિય છે.





✤ આ પુસ્તિકામાં દર્શાવેલ વૃક્ષો ઉપરાંત અર્જુન સાદડ, સીતા અશોક, અરીઠા, કડાયો, ધામણ, કાકડ, અંબાડો, અંકોલ, તાડ, રાવણ તાડ, કાળી કંબોઇ, કદંબ, શિવજટા, અંજીર, ઝેરકોચલું, આમલી, હલદરવો, કોદારો, ધાવડી વગેરે ફૂલ-ફળ આપતા અને પક્ષીઓ, પતંગિયા અને કીટકોને આકર્ષતા વૃક્ષો પણ વાવી શકાય.

**Contributors**

| | |
|---|---|
| Bhavesh Trivedi | 94268 16100 |
| Dhaivat Hathi | 98257 58389 |
| Ravi Ardesana | |
| Rajdeepsinh Jhala | |
| Milan Bharad | |
| Pratik Joshi | |
| Akash Bhatt | |
| Dharmesh Kagathara | |
| Kuldeep Chauhan | |



₹33/-

Wild Saurashtra

'Shree', 42, Malaviya Nagar,
Gondal Road, Rajkot - 360004
www.wildsaurashtra.org
wildsaurashtra@gmail.com

WBG Publication
www.wbgpublication.com
info@wbgpublication.com
Call - SMS : +91 91 73 40 41 42